NIPUN BHARAT

શિક્ષણનો અધિકાર
સમગ્ર શિક્ષા
સૌ ભણે, સૌ આગળ વધે

૭

# મરઘી અને મગર





એક મરઘી હતી. તેને તરસ લાગી.



તે નદી પાસે પાણી પીવા ગઈ.
નદીમાં એક મગર રહેતો હતો.



મરઘી નદીમાં પાણી પીવા લાગી.
મગર બોલ્યો - હું તને ખાઈ જઈશ.



મરઘી ડરી ગઈ. તે બોલી - મને છોડી દો.
હું તો તમારી બહેન છું.



# મગરે મરઘીને જવા દીધી.



મગર વિચાર કરવા લાગ્યો – તેણે મરઘીને કેમ જવા દીધી? એટલામાં એક ગરોળી ત્યાં આવી.



મગરે ગરોળીને પૂછ્યું – બોલ તો,
મરઘી મારી બહેન કેવી રીતે થાય?



ગરોળી બોલી- તું અને મરઘી બન્ને ઈંડામાંથી પેદા થયાં છો. એટલા માટે તમે બન્ને ભાઈ-બહેન છો.

## મરઘી અને મગર

એક મરઘી હતી. તેને તરસ લાગી. તે નદી પાસે પાણી પીવા ગઈ. નદીમાં એક મગર રહેતો હતો. મરઘી નદીમાં પાણી પીવા લાગી. મગર બોલ્યો - હું તને ખાઈ જઈશ. મરઘી ડરી ગઈ. તે બોલી - મને છોડી દો. હું તો તમારી બહેન છું. મગરે મરઘીને જવા દીધી. મગર વિચાર કરવા લાગ્યો – તેણે મરઘીને કેમ જવા દીધી? એટલામાં એક ગરોળી ત્યાં આવી. મગરે ગરોળીને પૂછ્યું – બોલ તો, મરઘી મારી બહેન કેવી રીતે થાય? ગરોળી બોલી- તું અને મરઘી બન્ને ઈંડામાંથી પેદા થયાં છો. એટલા માટે તમે બન્ને ભાઈ-બહેન છો.

મુખ્ય શબ્દ: નદી, મગર, પાણી, ભાઈ, બહેન



**બિગબુક શ્રેણી**

૧ ૨ ૩ ૪ ૫ ૬ ૭ ૮




શિક્ષણનો અધિકાર
સમગ્ર શિક્ષા
સૌ ભણે, સૌ આગળ વધે

Golden Jubilee GCERT 1962 - 2012
ગુજરાત શૈક્ષણિક સંશોધન અને
તાલીમ પરિષદ, ગાંધીનગર

આ સામગ્રી નિપુણ ભારત મિશન અંતર્ગત
સમગ્ર શિક્ષા, ગાંધીનગર દ્વારા
શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૪માં વિનામૂલ્યે આપવામાં આવેલ છે.